# ગુજરાત જાહેર સેવા આયોગ

**જાહેરાત ક્રમાંક – ૨૭ / ૨૦૧૬ –૧૭** **ગુજ**રાત સરકારના સચિવાલયનાં વિભાગો, ગુજરાત જાહેર સેવા આયોગ અને મહેસુલ વિભાગ હસ્તકની નીચે દર્શાવેલ વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે On line અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર **તા. ૦૧/૦૭/૨૦૧૬ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૨૦/૦૭/૨૦૧૬ (બપોરના ૧૩:૦૦ કલાક) સુધીમાં** લોગઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :** (૧) આ જગ્યાઓ માટે સંયુક્ત Screening Test (પ્રાથમિક કસોટી) તા.૧૩/૧૧/૨૦૧૬ ના રોજ યોજવામાં આવશે.

(૨) Screening Testનું પરિણામ સંભવત : ફેબ્રુઆરી- ૨૦૧૭માં પ્રસિધ્દ્ધ કરવામાં આવશે.

(૩) લેખિત મુખ્ય પરીક્ષા તા.૬/૦૫/૨૦૧૭ તથા ૭/૦૫/૨૦૧૭ના રોજ યોજવામાં આવશે.

(૪) લેખિત મુખ્ય પરીક્ષાનું પરિણામ સંભવત : ઑગષ્ટ-૨૦૧૭માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગ UEWS | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વ. | બિન અનામત (સામાન્ય) | બિન અનામત આર્થિક રીતે નબળા વર્ગ UEWS | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વ. | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| **નાયબ સેકશન અધિકારી (સચિવાલય)** | **૪૫૪** | **૧૯૪** | **૪૫** | **૨૯** | **૭૧** | **૧૧૫** | **૬૪** | **૧૫** | **૧૦** | **૨૩** | **૩૮** | **૧૭** | **૪૫** |
| **નાયબ સેકશન અધિકારી (ગુજરાત જાહેર સેવા આયોગ)** | **૦૩૧** | **૦૧૧** | **૦૩** | **૦૦** | **૦૨** | **૧૫** | **૦૩** | **૦૧** | **૦૦** | **૦૦** | **૦૫** | **૦૧** | **૦૩** |
| **નાયબ મામલતદાર (મહેસુલ વિભાગ)** | **૨૦૦** | **૦૮૨** | **૨૦** | **૧૪** | **૩૦** | **૫૪** | **૨૭** | **૦૭** | **૦૪** | **૧૦** | **૧૮** | **૦૬** | **૨૦** |
| કુલ | **૬૮૫** | **૨૮૭** | **૬૮** | **૪૩** | **૧૦૩** | **૧૮૪** | **૯૪** | **૨૩** | **૧૪** | **૩૩** | **૬૧** | **૨૪** | **૬૮** |

**૧. ઉપરની જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓ માટેની નિયત શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:**

**૧. નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં** (**૧**) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે ૦૬ જગ્યા(**૨**) શ્રવણની ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે ૦૬ જગ્યા તથા (**૩**) હલનચનની અશક્તતા અથવા મગજના લકવાની અશક્તતાવાળા ઉમેદવારો માટે કુલ ૦૫ જગ્યા અનામત છે. નાયબ સેક્શન અધિકારી સંવર્ગ અંતર્ગત શારીરિક રીતે અશક્તતાવાળા ઉમેદવાર માટેની અનામત જગ્યા પૈકી (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની અશક્તતા ધરાવતાં હશે તેવા ઉમેદવારોને (૨) શ્રવણની ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની અશક્તતા ધરાવતાં હશે તેવા ઉમેદવારોને તથા હલનચલનની અશક્તતા અંતર્ગત OA (One arm ), OL (One leg), OAL (One arm and one leg), BL (Both legs), BLOA (Both legs one arm) કેટેગરીનાં અશક્ત (Disabled) ઉમેદવારોને વિચારણામાં લેવામાં આવશે.

**૨. નાયબ મામલતદાર સંવર્ગમાં** (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે ૦૨ જગ્યા (**૨**) શ્રવણની મોડરેટ કક્ષામાં એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે ૦૨ જગ્યા તથા (**૩**) હલનચનની અશક્તતા અથવા મગજના લકવાની અશક્તતાવાળા ઉમેદવારો માટે ૦૨ જગ્યા અનામત છે. નાયબ મામલતદાર સંવર્ગ અંતર્ગત શારીરિક રીતે અશક્ત ઉમેદવાર માટેની અનામત જગ્યા પૈકી (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની મોડરેટ કક્ષામાં એટલેકે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી અશક્તતા ધરાવતાં હશે તેવા ઉમેદવારોને (૨) શ્રવણની અશક્તતાવાળા મોડરેટ કક્ષામાં એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી અશક્તતા ધરાવતા હશે તેવા ઉમેદવારોને તથા હલનચલનની અશક્તતા અંતર્ગત OA (One arm affected), OL (One leg), OAL (One arm and one leg), BL (Both legs) કેટેગરીનાં અશક્ત (Disabled) ઉમેદવારોને વિચારણામાં લેવામાં આવશે.

**૩.** નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલદારની જગ્યાઓ પર નિર્દિષ્ટ ટકાવારી મુજબની અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની અશક્તતા ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિ અથવા તો ઓછા ઉપલબ્ધ થશે, તો તેટલી ખૂટતી જગ્યાઓ અનુક્રમે શ્રવણની અશક્તતાવાળા ઉમેદવારોથી અને જો શ્રવણની અશક્તતાવાળા ઉમેદવારો પણ ઉપલબ્ધ ન થાય, તો હલનચલનની અશક્તતા અથવા મગજના લકવાની અશક્તતાવાળા ઉમેદવારોથી તેમની યોગ્યતાને આધિન ભરવામાં આવશે. પ્રસ્તુત બંને જગ્યાઓ માટે ઉપરોક્ત અશક્તતા ધરાવતા હોય તેવા જ ઉમેદવારો અરજી કરવા પાત્ર છે. શારીરિક અશક્ત ઉમેદવારોને સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્ર: પરચ / ૧૦૨૦૦૮ / ૪૬૯૫૪૦ / ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

**૪.** મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે.

**૫.** શારીરિક અશક્ત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જો ઉમેદવાર પસંદગી પામશે તો તેઓને પોતે જે કેટેગરીના ઉમેદવાર હશે તેમાં ગણવામાં આવશે.

**૬.** નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલદારની જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તેવી જગ્યાઓ અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

**૨. નાગરિકત્વ:** પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન, (ગ) ભુતાનનો પ્રજાજન અથવા (ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા.૦૧/૦૧/૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રીકન દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઈથિયોપીયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાનાં દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂંક માટે પાત્ર બનશે.

**૩. ઉંમર અને તેમાં છૂટછાટ** : (**૧**) અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખ : ૨૦/૦૭/૨૦૧૬ ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષ પૂરા કરેલ ન હોવા જોઈએ. (**૨**) ઉંમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (**૩**) ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે: **૩.(૧)** મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના પુરૂષ ઉમેદવાર-પાંચ વર્ષ, **૩.(૨)** બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર-પાંચ વર્ષ **૩.(૩)** મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુ.જનજાતિ,સા.અને શૈ.પ.વર્ગના અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવાર-દસ વર્ષ. (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઈ જાય છે.) **૩.(૪)** શારીરિક અશક્ત (Disabled) ઉમેદવાર –દસ વર્ષ. **૩.(૫)** માજી સૈનિકો અને ઇ.સી.ઓ. / એસ.એસ.સી.ઓ સહિત- લશ્કરમાં બજાવેલી સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, વધુમાં વધુ ૪૦ (ચાલીસ) વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (**૪**) ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઈપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. (**૫**) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતનાં ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ

વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. **(૬)** અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**૪. લાયકાત :** **(૧)** ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિ. કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના સેકશન -૩ હેઠળ યુનિ. તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ **અને (૨)** ગુ.મુ.સે.વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલાં ઉમેદવારોએ આખરી નિમણૂંક પત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ ના ઠરાવ ક્ર.: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝિક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિ. અથવા સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનાં કોઈપણ ડિપ્લોમા, ડીગ્રી, કે સર્ટિફીકેટ કોર્સ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમા કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પસાર કરેલ હોય તેવાં પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત ન ધરાવતાં ઉમેદવારો નિમણૂંકને પાત્ર બનશે નહિ. **(૩)** ઉમેદવાર ગુજરાતી અને / અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**૫. પગાર ધોરણ** : રૂ.૧૫,૫૦૦/- (ફીકસ વેતન). નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ ઝ.૧ મુજબ ઉમેદવારને શરૂઆતના તબક્કે રૂ.૧૫,૫૦૦/-ના માસિક ફીક્સ પગારથી, પાંચ વર્ષ માટે સરકારશ્રીના સા.વ.વિ.ના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર/૧૧/૨૦૦૮/૪૩૩૭૧૭/ગ-૫ મુજબની શરતો અને બોલીઓને આધિન નિમણૂંક આપવામાં આવશે. શરતો અને બોલીઓ આયોગના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારે પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કર્યાની ખાતરી થયા બાદ ઉપરોકત ઠરાવની જોગવાઈઓને આધિન રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ પે-બેન્ડ + ગ્રેડ પે રૂ.૪૪૦૦/- ના નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક મળવાપાત્ર થશે.

**૬. જાતિ પ્રમાણપત્ર** : **(૧)** મૂળ ગુજરાતના અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તથા **(૨)** બિન અનામત કક્ષાનાં આર્થિક રીતે નબળાં વર્ગનાં ઉમેદવારોએ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૫-૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-'અ'ના નમૂનામાં તા.૩૧/૦૩/૨૦૧૬ રોજ પુરા થયેલ ૨૦૧૫-૧૬ ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઈને આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પરિશિષ્ટ-'અ' તા.૧/૫/૨૦૧૬ના રોજ અથવા ત્યારબાદ સક્ષમ સત્તાધિકારીએ આપેલ હોવું જોઇએ. **(૩)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪' ના નમૂનામાં તા.૩૧/૦૩/૨૦૧૬ રોજ પુરા થયેલ ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઈને આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**(૪)** આ પરિશિષ્ટ-'ક' / પરિશિષ્ટ-'૪' તા.૧/૪/૨૦૧૬ના રોજ અથવા ત્યારબાદ સક્ષમ સત્તાધિકારીએ આપેલ હોવું જોઇએ. **(૫)** વધુમાં આ પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-'ક' / પરિશિષ્ટ-'૪' નો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. **(૬)** પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-'ક' / પરિશિષ્ટ-'૪' ના સ્થાને અંગ્રેજીમાં આપેલું Annexure-A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ. **(૭)** પરીણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. (૮) જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.(૯) અરજી સાથે પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-'ક' / પરિશિષ્ટ-'૪' નેબદલે,"Annexure"A"(અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહીં તેમજ બિન અનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં. **૭. વિધવા ઉમેદવાર** : સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૦૫ (પાંચ) ટકા ગુણ Screening Test (પ્રાથમિક કસોટી) અને મુખ્ય લેખિત પરીક્ષામાં ઉમેરી

આપવામાં આવશે, પરંતુ તેઓએ ભરતી પ્રક્રીયા તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના જરૂરી તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે.

**૮. સામાન્ય શરતો**: (૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ,અનુ.જનજાતિ ,સા.અને શૈ.પ.વર્ગના અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ મળશે. (૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( Passing Standard )મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. (૫) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ / ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૬) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબૉલ, ટેનિસ,વેઈટલિફ્ટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. (૭) ઉમેદવારે Online form ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત Online અરજી કર્યા બાદ Online form માં દર્શાવેલ caste/category માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તનો કોઈ પ્રત્યુત્તર આયોગ દ્વારા આપવામાં આવશે નહિ.ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

**૯. અરજી કરવાની રીત** : આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૦૧/૦૭/૨૦૧૬ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા. ૨૦/૦૭/૨૦૧૬ (બપોરના ૧૩:૦૦ કલાક)** સુધીમાં http://gpsc-ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબનાં Steps અનુસરવાનાં રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧)સૌ **પ્રથમ** http://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply On line Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું.

(૩) Dy.S.O./ Dy. Maml. પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Formatમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (★)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details"માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

(૬) હવે અહીં Center Details પર "click" કરવું. ત્યાં Center ની પસંદગી આપવી.

(૭) તેની નીચે "Self declaration"માં Yes / No પર "click" કરવું.

(૮) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૯) જો આપના અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઈને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઈ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Format માં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૨) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી કે જેની સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**૧૦. અરજી ફી :** (૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. (૧) પોસ્ટ ઓફીસમાં:** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૨૦/૦૭/૨૦૧૬ ,૧૩:૦૦ કલાક** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે.

**૧.(૨) ઓનલાઈન ફી:** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ

છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે. **(૨)** રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

**(૩)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

**(૪)** મૂળ ગુજરાતના અનામત કક્ષાના તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૫)** અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૬)** ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

**(૭)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં Screening Test(પ્રાથમિક કસોટી)/મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

**૧૧. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ**: આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે:

**(૧) Screening Test** (પ્રાથમિક કસોટી) નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૧૦૦ ગુણ અને ૧ કલાકના સમય માટે રહેશે. સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આ પ્રમાણે રહેશે: (૧) સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ તથા ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી (૨) ભારતનું બંધારણ : આમુખ-મૂળભૂત અધિકારો અને ફરજો- રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો- સંસદની રચના- રાષ્ટ્રપતિની સત્તા- રાજ્યપાલની સત્તા –ન્યાય તંત્ર-અનુ.જાતિ,અનુ.જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઈઓ-એટર્ની જનરલ-નીતિ આયોગ – નાણા પંચ- બંધારણીય સંસ્થાઓ- ભારતનું ચૂંટણી પંચ,સંઘ લોક સેવા આયોગ, રાજ્ય સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (૩) તાજેતરના મહત્વના પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય મુદ્દાઓ / બનાવો (૪)ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજિક,ખેતી, કુદરતી સંશાધનો અને વસતી અંગેની બાબતો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય, કલા, ધર્મ અને સ્થાપત્યો (૬) સામાન્ય બૌધ્ધિક ક્ષમતાકસોટી (૭) ખેલ જગત (૮) ભારતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા (૯) પંચાયતી રાજ (૧૦) ભારતનો ઈતિહાસ

**(૨) લેખિત મુખ્ય પરીક્ષાના** અભ્યાસક્રમમાં કુલ –૩ પેપર રહેશે: (૧) પેપર-૧, ગુજરાતી ( સ્નાતક કક્ષા ), ૧૦૦ ગુણ (૨) પેપર-૨, અંગ્રેજી (ઈન્ટરમીડીયેટ કક્ષા), ૧૦૦ ગુણ (૩) પેપર-૩, સામાન્ય અભ્યાસ ( સ્નાતક કક્ષા ), ૧૦૦ ગુણ હશે. પેપર-૧ તથા પેપર-૩ નાં પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું તથા પેપર-૨ ના પ્રશ્નપત્રનું સ્તર ઈન્ટરમીડીયેટ કક્ષાનું રહેશે. પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે. Screening Test (પ્રાથમિક કસોટી) માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા તથા જાહેરાતની જોગવાઈ મુજબ શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા, જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના કેટેગરીવાઈઝ આશરે ત્રણ ગણા ઉમેદવારોને જ લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

**(૩)** Screening Test (પ્રાથમિક કસોટી)માં ઉમેદવારને કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી [O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નના જવાબમાં A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E 'Not attempted' તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે. **૩. (૧)** ઉમેદવારે જે પ્રશ્નના જવાબ માટે જો પાંચમો વિકલ્પ E 'Not attended ' એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય " ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહિ. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી [O.M.R Answer Sheet] માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D કે E ના વર્તુળને પૂરેપૂરું ભુરી / કાળી શાહીની બોલ પેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ. **૩. (૨)** એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે

આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ. **૩.(૩)** આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે. **૩.(૪)** ઉમેદવાર દ્વારા જવાબવહી [O.M.R Answer Sheet]માં જો બેઠક નંબર / પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સિરિઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ ક્ષતિ પણ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપાસ્યા બાદ પણ ક્ષતિઓ /અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજુઆત / વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheetમાં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પૂરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સૂચના આપવામાં આવે છે. **૩.(૫)** કોઈ ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં માન્ય રમત-ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત શરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં. અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો પણ અરજીપત્રકમાં ખોટી વિગત જણાવવાના કારણોસર ઉમેદવારી રદ કરવામાં આવશે. જેથી ઉમેદવારે આ અંગે અંગત કાળજી રાખવા સૂચના આપવામાં આવે છે. **૩.(૬)** પ્રાથમિક કસોટીના પરિણામને આધારે મુખ્ય લેખિત કસોટીમાં જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને પ્રવેશ આપવા માટે દરેક કેટેગરીની જગ્યાઓના સંદર્ભમાં લાયકી ધોરણ નક્કી કરવામાં આવે છે. આ લાયકી ધોરણમાં શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો, મહિલા ઉમેદવારો અને માજી સૈનિક ઉમેદવારોની ગણતરી કરવામાં આવે છે. અને જાહેરાતમાં દર્શાવેલ અનામત જગ્યાઓના ત્રણ ગણા ઉમેદવારો મળી રહેતા હોય તો તે પ્રમાણે પાત્ર ગણવામાં આવે છે. પરંતુ જો ત્રણ ગણામાં ઉમેદવારો ખૂટતા હોય તો દરેક કેટેગરી માટે જે લાયકી ધોરણ [cut off] આવતુ હોય તેમાં ૧૦% જેટલું લાયકી ધોરણમાં છૂટછાટ મૂકીને વિચારણા કરવામાં આવે છે. આવી રીતે ઉમેદવારો ઉપલબ્ધ થાય તેને પાત્ર ગણવામાં આવે છે. આ રીતે વિચારણા કર્યા બાદ પણ શારીરિક અશકત, માજી સૈનિક કે મહિલા ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો નિયત થયેલ લાયકી ધોરણના ૧૦%થી વધુ છૂટછાટ મળવાપાત્ર રહેતી નથી.

(૪) Screening Test (પ્રાથમિક કસોટી) માં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરિક્ષાના આધારે નિયત કરવામાં આવશે. ઉમેદવાર નાયબ સેક્શન અધિકારી કે નાયબ મામલતદાર કે આ બંને જગ્યા માટે ઉમેદવારી કરવા ઈચ્છતાં હોય તો પણ તેમણે એક જ અરજી કરવાની રહેશે અને એક જ વખત પરીક્ષા ફી ચૂકવવાની રહેશે.

**(૫)** પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે, મુખ્ય લેખિત પરીક્ષાના પેપર નં.૨ (અંગ્રેજી) નું માધ્યમ બધાં ઉમેદવારો માટે અંગ્રેજી રહેશે.

**<u>૧૨.પરીક્ષા કેન્દ્રોની વિગતઃ</u>** Screening Test (પ્રાથમિક કસોટી) નું સ્થળ અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, ભૂજ, ભરુચ, દાહોદ, ડાંગ (આહવા), ગોધરા, ગાંધીનગર, હિમતનગર, જુનાગઢ , જામનગર , મહેસાણા, નડીયાદ, નવસારી, પાટણ, પાલનપુર,પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા,વલસાડ, તથા વ્યારા રહેશે. તથા લેખિત મુખ્ય પરીક્ષા માટેનું સ્થળ ફકત અમદાવાદ જ રહેશે. ઉમેદવારોની સંખ્યા, પરીક્ષા કેન્દ્રની ઉપલબ્ધિ, આયોગની વહીવટી અનુકૂળતા વગેરે પરિબળો ધ્યાનમાં લઈ આયોગ આ કેન્દ્રોમાં વધારો/ઘટાડો કરી શકશે.

**<u>૧૩. પરીક્ષામાં પ્રવેશ :</u>** **(૧)** જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીનીચકાસણી કર્યા સિવાય Screening Test (પ્રાથમિક કસોટી) માં બેસવા દેવામાં આવશે. **(૨)** જે ઉમેદવારોને Screening Test (પ્રાથમિક કસોટી) ના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓએ મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજું અરજીપત્રક ઓનલાઈન ભરવાનું રહેશે. જે જરૂરી ફી અને પ્રમાણપત્રો સાથે ઉમેદવારે આયોગની કચેરીમાં મોકલી આપવાનું રહેશે. **(૩)** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. **(૪)** મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૧૪. જગ્યા/સેવાની પસંદગીનો ક્રમ:** (૧) મુખ્ય લેખિત પરીક્ષાના ફોર્મમાં ઉમેદવારે ફક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા/સેવા માટે પોતાની પસંદગી અનુસાર પસંદગી ક્રમ દર્શાવવાનો રહેશે. (૨) ઉમેદવાર જે જગ્યા/સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એકવાર દર્શાવી દે, તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારનાં ફેરફાર, સુધારા-વધારા અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ. (૩) ઉમેદવારોએ જણાવેલી જગાઓ માટેના પ્રેફરન્સથી તે જગાઓ ઉપર નિમણૂંક નો કોઈ હક્ક મળતો નથી. (૪) ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પ્રેફરન્સ વિચારણામાં લેવામાં આવશે. (૫) જે ઉમેદવારે એક પણ જગ્યા /સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફક્ત અમુક જ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા /સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.(૬) ઉમેદવારની નિમણૂંક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે. (૭) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂંક રદ કરવામાં આવશે.

**૧૫. પરિણામ :** (૧) આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવશે. (૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે. (૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવશે.

**૧૬. ગુણપત્રક :**.(૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ –૩૮૦૦૦૧ના નામનો રૂ.૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઑર્ડર અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે. (૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક,પોતાનું સરનામું, બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે. (૩) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. (૪) મુખ્ય પરીક્ષાને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે. (૪) Screening Test (પ્રાથમિક કસોટી)ના ગુણપત્રક માટેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

**૧૭. ગુણની પુનઃચકાસણી :** (૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી પિસ્તાલીસ દિવસની અંદર દરેક પેપરદીઠ રૂ. ૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે. (૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે. (૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે. (૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ.મોકલવાનો રહેશે. (૫) ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન(Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ. (૬) ગુણની પુનઃચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ. (૭) Screening Test (પ્રાથમિક કસોટી)ના ગુણની પુનઃચકાસણી માટેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

**૧૮. નિમણૂંક :** (૧) ઉમેદવારોને નિમણૂંક માટે merit number અને preference ને ધ્યાનમાં રાખી વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. (૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે નહિ. (૩) નિમણૂંક પામેલ ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. (૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂંક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. (૫) નિમણૂંક અંગેની સઘળી કાર્યવાહી, સરકાર દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**૧૯. ચેતવણીઓ :** આયોગે જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષ, સભ્ય

અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે, **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,**(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, **(૭)** પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, **(૮)** લખાણોમાં અશ્લીલ ભાષા અથવા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, **(૯)** પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે, **(૧૦)** પરીક્ષાના સંચાલન માટે આયોગે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત –(ક) આયોગ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેર લાયક ઠરાવી શકાશે., અથવા (ખ) (૧) આયોગ સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. પરંતુ તે અર્થે પોતે રજુઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજુઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ. (ગ) તદઉપરાંત જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

**<u>૨૦. અગત્યની સૂચનાઓ :</u>** **(૧)** ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, ટેબ્લેટ, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના ઈલેક્ટ્રોનિક્સ –બ્લ્યુ ટુથ સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે. **(૨)** ઉમેદવાર Screening Test (પ્રાથમિક કસોટી) માં તથા લેખિત મુખ્ય પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ. **(૩)** ૪૦% કે તેથી વધુ અંધત્વની ખામી ધરાવતાં ઉમેદવારો જો ઈચ્છે તો લહિયાની સુવિધા મેળવી શકવાને પાત્ર છે. **(૪)** આવા ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની આયોગના ધારા-ધોરણ પ્રમાણે મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.**(૫)** લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) મળવાપાત્ર રહેશે. **(૬)** <u>ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.</u>**(૭)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે. **(૮)** જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. **(૯)** જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. **<u>(૧૧) મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવાની રહેશે.:</u>** **૧૧.(૧)** એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડવાનું પ્રમાણપત્ર માન્ય નથી) **૧૧.(૨)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **૧૧.(૩)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો [માર્કશીટ્સ] **૧૧.(૪)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર **૧૧.(૫)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું <u>તા.૧-૦૪-૨૦૧૬</u> પછીની તારીખનું પ્રમાણપત્ર. **૧૧.(૬)** બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૫-૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ <u>પરિશિષ્ટ-'અ'</u> મુજબનું <u>તા.૧-૦૫-૨૦૧૬</u>

પછીની તારીખનું પ્રમાણપત્ર. **૧૧.(૭)** શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનને આપેલ તબીબી પ્રમાણપત્ર. **૧૧.(૮)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ - ૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર." **૧૧.(૯)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર ની નકલ. **૧૧.(૧૦)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુનઃલગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.

જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**નોંધ** :- ઉપરોક્ત નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાના ભરતી નિયમો તથા મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ-૪ નો નમૂનો, શારીરિક રીતે અશક્ત (Disabled) ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૫૫૦૭૭૩૭ પરથી મળી શકશે.

આ જાહેરાતના સબંધમાં Screening Test (પ્રાથમિક કસોટી) તા.૧૩/૧૧/૨૦૧૬ ના રોજ લેવામાં આવશે. વધુ માહિતી મેળવવા આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૫૫૦૭૭૩૭ પર સંપર્ક કરવો.

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt. No. 27 / 2016-17**

On line Applications are invited from 01/07/2016 (13:00 hours) to 20/07/2016 (13:00 hours) for the following posts of Secretariate Departments, Gujarat Public Service Commission & Revenue Deparment. The reservation for S.C., S. T., S. & E. B.C., U.E.W.S. & Women candidates is as under. In case of non - availability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note :** [1] Combined Screening Test will be held on Date: 13/11/2016

[2] The result of Screening Test will be publish in February-2016

[3] The mains written examination will be held on Date: 06/05/2017 & 07/05/2017

[4] The result of mains written examination will be publish in August-2017

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | U.E. W.S. | S. C. | S. T. | S. & E. B. C. | Gen. | U.E. W.S. | S. C. | S. T. | S. & E. B. C. | Phy. Dis. | Ex-Ser. |
| Deputy Section Officer (Secretariate) | **454** | 194 | 45 | 29 | 71 | 115 | 64 | 15 | 10 | 23 | 38 | 17 | 45 |
| Deputy Section Officer (Gujarat Public Service Commission) | **031** | 011 | 03 | 00 | 02 | 015 | 03 | 01 | 00 | 00 | 05 | 01 | 03 |
| Deputy Mamlatdar (Revenue Department) | **200** | 082 | 20 | 14 | 30 | 54 | 27 | 07 | 04 | 10 | 18 | 06 | 20 |
| **Total** | **685** | **287** | **68** | **43** | **103** | **184** | **94** | **23** | **14** | **33** | **61** | **24** | **68** |

**Note :** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**E.Q. :** **(i)** A candidate shall hold a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government; and **(ii)** Basic knowledge of Computer Application as prescribed in Gujaraat

Civil Services Classification and Recruitment (General) Rules 1967; **(iii)** Possess adequate knowledge of Gujarati and / or Hindi.

**<u>Pay Scale</u>** : Rs.15,500/- (Fix Pay) for 5 years. Rs.9300-34800 /- Pay-band + Rs.4400/- Grade pay after completion of the satisfactory service of 5 years.

**<u>Age</u>** : A candidate must have attained the age of 20 years and must not have attained the age of 35 years as on 20/07/2016. Age will be calculated as on the last date of receipt of application.

**Upper age limit shall be relaxed as under :**

| | | |
|---|---|---|
| 1 | Unreserved E.W.S., S. & E. B.C., S.C. & S. T. Male candidates of Gujarat origin. | 05 years |
| 2 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years) |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Ex-servicemen / Officers | Length of Military Service plus three years, Up to 40 years |
| 5 | Physically disabled candidates | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the bais of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. |
| 6 | Government Servant | No relaxation in upper age will be available to Government Servant |

The details of advertisement can be seen on website www.gpsc.gujarat.gov.in

Secretary
Gujarat Public Service Commission

## ગુજરાત જાહેર સેવા આયોગ

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

**જાહેરાત ક્રમાંક – [ ૨૭ / ૨૦૧૬-૧૭ ] : નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર, વર્ગ-૩**

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઈથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૨. જન્મ તારીખ:-**

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઈ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**૩. વયમર્યાદા:-**

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | દસ વર્ષ (આ છૂટછાટમાં , મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો. ઈ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ(વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો (જોગવાઇ-૧૦ માં આપેલ વિગતને આધિન) | દસ વર્ષ |
| ૬ | સરકારી કર્મચારીઓ | સરકારી કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર નથી. |

**૪. શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઈએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ,** બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ:-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે. બિન અનામત કક્ષાના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક)(ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઈએ.પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે,જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.અરજી સાથે પરિશિષ્ટ (ક)ના બદલે એનેક્ષર-A (અંગ્રેજીમાં)રજુંં કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે.કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ (ક))અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૫-૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-'અ' ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**૬. માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

**૭. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો :-**

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે (૧)અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ(૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે.આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૮. મહિલા ઉમેદવાર :-**

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૯. વિધવા ઉમેદવાર :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૧૦. ના વાંધા પ્રમાણપત્ર :-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૧. ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૨. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)** :-

(૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરેલ ન હોય

(૨) અરજી અને /અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય.

(૩) અરજી અને /અથવા પરિશિષ્ટમાં ઉમેદવાર ની સહી ન હોય.

(૪) અરજી અને /અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હોય.

(૫) અરજી અને /અથવા પરિશિષ્ટ ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.

(૬) અરજી અને અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય.

(૭) અરજી અને અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય.

(૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય.

(૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય.

(૧૧) એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હોય.

(૧૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૧૪) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૫) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૬) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૭) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ.માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૮) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય .

**૧૪. નિમણૂંકઃ-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

**૧૫. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા

બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઈપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઈપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઈ સાકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઈપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઈપણ પ્રકારની શારીરિક ઈજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઈઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઈપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઈપણ પરીક્ષા કે કોઈપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઈપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઈપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.